| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર (P.R.O.)<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦ | |

**તા.૧૨/૦૩/૨૦૨૨ શનિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૪૬૩/૨૦૨૨

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૧/૦૩/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ. નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯, ૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| ૩ | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૩૦ | ૦ | ૧૩૦ | ૪૦૯ | ૦ | ૪૦૯ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| કુલ | | ૧૦૦૬૮૩ | ૦ | ૧૦૦૬૮૩ | ૧૦૯૫૮૭ | ૦ | ૧૦૯૫૮૭ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૨ | ૨,૩૮,૬૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૮ | ૧૮,૦૦૦/- |

**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૬૪/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૧૫ કેસ કરી, ૧૪ વ્યક્તિઓને ઝડપી, ૩૯ લીટર દેશી દારૂ, ૦૧ બોટલ ઇંગ્લીશ દારૂ, ૬૨ ક્વોટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૧,૪૨૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૪૬૫/૨૦૨૨**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૨૪ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**ચોરી:-** **સમાચાર યાદી નં.૪૬૬/૨૦૨૨**

**સરખેજ:** મુસ્તાકભાઇ અબ્દુલરહેમાન શેખ (ઉ.વ.૪૮)(રહે.મોમીન સોસાયટી, તવકકલ સોસાયટીની બાજુમાં, મકરબા સરખેજ) એ સરખેજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૩/૨૦૨૨ બપોરના ૪/૧૫ થી ૪/૨૫ વાગ્યા દરમ્યાન સરખેજ ઉજાલા સર્કલ નજીક બાવળા સરખેજ રોડ સનરાઇઝ હોટલની સામે અખલાકી મસ્જીદની બાજુમાં ઝલક કોમ્પ્લેક્ષના મેઇન ગેટ આગળ પાર્ક કરેલ પોતાની એકટીવાની ડેકી ખોલી, અજાણી વ્યક્તિ ડેકીમાંથી રોકડ રૂપિયા ૪,૯૯,૫૦૦/- મુકેલ પર્સની ચોરી કરી લઇ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.સી.ઝાલા ચલાવે છે.

**બાપુનગર:** મધુબહેન વા/ઓ મહેન્દ્રભાઇ પરમાર (ઉ.વ.૫૧)(રહે.અટલ એપાર્ટમેન્ટ અભીલાષા રેસીડેન્સી ની સામે, નિકોલ) એ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૧૧/૦૩/૨૦૨૨ બપોરના ૧/૧૫ થી ૧/૩૦ વાગ્યા દરમ્યાન અજીતમીલ ચાર રસ્તા થી સોનીની ચાલી તરફ ચાલતા પસાર થતા હતા દરમ્યાન બ્રીજ નીચે બે અજાણ્યા પુરૂષ (૩૦ થી ૩૫ વર્ષના આશરાના) એ ભેગામળી મધુબહેનને રીક્ષામાં બેસાડવાના બહાને તેમનું ધ્યાન વાતોમાં લગાવી, તેમના ગળામાં પહેરેલ સોનાની પેંડલ સાથેની ચેઈન કિંમત રૂપિયા ૫૦,૦૦૦/- મધુબહેનની નજર ચુકવી ચોરી લઇ મધુબહેનને રીક્ષામાં બેસાડી બંને ઇસમો નાસી ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.એન.પટેલ ચલાવે છે.

**ટ્રેઇન ની અડફેટે આવી જતા મૃત્યુ:-** **સમાચાર યાદી નં.૪૬૭/૨૦૨૨**

**સાબરમતી:** શશીકાન્તભાઈ અશોકકુમાર પાઠક (ઉ.વ.૨૮)(રહે.ચેનપુર સોસાયટી, ચેનપુરગામ સાબરમતી) તા.૧૦/૦૩/૨૦૨૨ રાતના ૧૧/૦૦ વાગ્યાના સુમારે સાબરમતી ડી-કેબીન ફાટક ક્રોસ કરતી વખતે રેલ્વે ટ્રેક ઉપર ટ્રેઇનની અડફેટે આવી જતા તેમનો હાથ કપાઇ જતા સારવાર અર્થે તેમને સિવિલ હોસ્પીટલ ખાતે લાવતા તા.૧૧/૦૩/૨૦૨૨ ના ક્લાક ૪/૨૦ વાગે ફરજ પર ના ડો.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ઉપેન્દ્રસિહ વિજયસિહ ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૪૬૮/૨૦૨૨**

**સરખેજઃ** કિશનભાઇ બટુકભાઇ કાલેણા (ઉ.વ.૨૧)(રહે.નવા વણઝર હનુમાનજીના મંદિરની પાસે, સરખેજ) એ અગમ્ય કારણોસર તા.૧૧/૦૩/૨૦૨૨ સાંજના ૪/૨૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે પોતાના ઘરે પંખા સાથે દોરડુ બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી અજીતસિંહ પ્રભાતસિંહ ચલાવે છે.

**વાસણાઃ** શૈલેશભાઈ રમેશભાઈ વાઘેલા (ઉ.વ.૨૮)(રહે. ઓમ કોમ્પ્લેક્ષ, ગોપાલનગરની સામે, ભરવાડ વાસ, ગુપ્તાનગર, વાસણા) એ અગમ્ય કારણોસર તા.૧૧/૦૩/૨૦૨૨ બપોરના ૨/૨૦ વાગ્યા પહેલા કોઈપણ સમયે વાસણા કેનાલ રોડ પાણીની કેનાલની પાસે ઝાડ સાથે વાયર બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વાસણા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેન્દ્રસિંહ નવલસિંહ ચલાવે છે.

**અમરાઇવાડીઃ** રાકેશભાઇ દલસુખભાઇ દંતાણી (ઉ.વ.૧૯)(રહે.મહાલક્ષ્મીનગર જોગમાયાનગર સામે, અમરાઇવાડી) એ અગમ્ય કારણોસર તા.૧૦/૦૩/૨૦૨૨ સાંજના ૬/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમા સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ગજેન્દ્રસિંહ વિક્રમસિંહ ચલાવે છે.

**ઓઢવઃ** સુરજકુમાર ભોલાનાથ પાંડે (ઉ.વ.૩૨)(રહે.નેહલ પાર્ક, આદિનાથનગર, ઓઢવ) એ અગમ્ય કારણોસર તા.૧૧/૦૩/૨૦૨૨ ના કલાક ૮/૦૦ થી ૮/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે ઉપરના માળે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી રાજેંન્દ્રસિંહ બળવંતસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.